# Gujarati Poetry

================

## શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

================

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

કવિતા એજ જીવન

==========

=====

રેતી

---

હું રેતી છું,કણ કણ જીવતી;
રણ સાગરકાંઠે વાસ કરતી;
કદમાં કીડી,એક ફૂંકમાં ઊડું;
મૂટ્ઠીમાં માતી,સરર સરતી.

નિર્મૂલ્ય રેતી જગ નજરે સદા,
હું તેલ વિનાની,રસ્તે ઝૂરતી;
મારે કાજે કોઈ અહી ના રોતું;
રેતી હું ને ?સહુની ઠોકર ખાતી.

પણ રણમાં શું કદિ ફર્યા છો ?
કદ મારુ વૈશાખી વાયર જો;
ભર બપ્પોરે પગ મૂકી જોજો;
કૂદે માથું દરિયો,કેવો નાથ્યો જો.

નબળી માની ના ઠોકર મારો;
મૂકું લાજ,ધરતીઅંબર એક જો.

---

## આપણી ગુજરાતી ભાષા

---

બહુજ ગરવી છે ચાર,આ આપણી ગુજરાતી ભાષા;
સુંસા પૈસા ચાર ઊતરી ગઈ પાર ગુજરાતી ભાષા;
ખેડાઈ ખેડાઈને થઈ ગઈ છે તૈયાર ગુજરાતી ભાષા;
પૂર બહારમાં છે ગુજરાતની બહાર ગુજરાતી ભાષા.

સહુ સારનો છે બસ આ સાર, છે અંતરનો ઉદ્ગાર;
ખંડે ખંડોમાં છે વિસ્તાર,ના એ ખંડિત,ના બિસ્માર;
અંગે અંગ ઊભર્યો છે નિખાર;લ્યો પૂર્ણ થઈ આશા;
બહુજ ગરવી છે ચાર,આ આપણી ગુજરાતી ભાષા.

આપણી છે આ ભક્તિ ને આપણી જ છે આ શક્તિ;
આપણી જ છે આ માતા ને આપણી જ છે એ મુક્તિ;
આપણે ના હવે શોક લગાર કે ના હવે કંઈ નિરાશા;
બહુજ ગરવી છે ચાર,આ આપણી ગુજરાતી ભાષા.

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ગુજરાતીમાં વાતો;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ગુજરાતીનો નાતો;
ફરફર ધ્વજ ગુજરાતી,મલક મલક ગુજરાતી ભાષા;
બહુજ ગરવી છે ચાર,આ આપણી ગુજરાતી ભાષા.

---

## તનની સવાર અને સાંજ

---

ચૂમ્યા મેં તમને આ લખ્યા ભાગ્ય લલાટે;
નજર ઢળી ના કે હોઠો મેં મૂક્યા આંખે;
હોઠે,ગાલે,પ્રલંબ કર્ણે,બોચી, છાતી પર;
ક્યાં ક્યાં ના રોકાયા આ અધરો મારા?

એ વય પણ હતી કેવી અલ્લડ પ્રેમપ્રચૂર!
પળ સૂની ના સહેવાતી,પ્રેમમાં ચકનાચૂર!
ઘેન તન અને મનમાં,ને ઘેનનું પ્રલયપૂર!
લોકો જેને પ્રેમ કહે છે,એ પ્રેમે ગાંડુતૂર!

આજ હવે આ ઢળતી સાંજે જોઉં ભાગ્યલલાટ;
ઝાંખી આંખે દરવાજા પર જોઉં હું કોની વાટ?

'બેટા બેટા' કરતા કરતા, ધ્રૂજે હોઠ ને હા
રોકાતા વહેતી આંખો પર લૂછવા અશ્રુપા

બાગ છે આ જવાની,આવી એવી ચાલી જ
ભાગ અમારે એને જે ફાવે,એવું એ મૂકી જ

---

## મનુજ અવતાર

=========

બીજ થઈ તડાક ફાટી જવું;
થડ પર ફટાફટ ચઢી જવું;
શાખા,પાન,ફૂલ ફળ થવું;
ફરી બીજ બની ફાટી જવું
ફરી થડ,શાખા,ફૂલ,ફળ;
વૃક્ષનો સરેરાશ આ જ ઈતિહાસ છે.

સૂર્ય થઈ વહેલું ઊગી જવું;
બની પ્રભાત પ્રસરી જવું;
પ્રહરોમાં વિખરાઈ જઈને
સાંજ થઈ રાતમાં સરી જવું;
ફરી પ્રભાત,પ્રહર અને રાત;
સૂર્યનો સરેરાશ આ જ ઈતિહાસ છે.

બૂંદ,બેબી,બાળક,માનવ અને મૃત્યુ;
મૃત્યુ બાદ મળે મોક્ષ તો?તે પછી?
તે પછી બસ અનંત અવ્યાબાધ સુખ;
કેવો મહાન માનવનો અવતાર છે?
ના ફરી બનવું બૂંદ બાળક,માનવી
ફક્ત માનવનો જ આ સરેરાશ ઈતિહાસ છે.

---

**If you want to comment or observe on the above writings,I invite you to address me at the follow email id:**

pravinkshah@indiatimes.com

Shah Pravinchandra Kasturchand